# ટુણાદર પ્રાથમિક શાળા તા. માલપુર જિ. અરવલ્લી

| | | | |
|---|---|---|---|
| ધોરણ 6 | વિષય: વિજ્ઞાન અને ટેક્નોલોજી | કુલ ગુણ | 20 |
| સત્ર 2 | એકમ 1 પ્રાણી જગત | મેળવેલા ગુણ | |
| ટેસ્ટ: 1 | વિદ્યાર્થીનું નામ: | સમય | 30 મિનિટ |

**પ્રશ્ન 1: નીચેના પ્રશ્નોના એક બે વાક્યમાં જવાબ લખો:** **[10]**

(1) હાડકાંવાળાં પાંચ પ્રાણીઓના નામ જણાવો.

(2) જીવજંતુઓના નામ આપો.

(3) શાકાહારી પ્રાણી કોને કહે છે?

(4) વહેલ કયા વર્ગનું પ્રાણી છે?

(5) કયા પ્રકારના પ્રાણીઓની આંખો અલ્પવિકસિત હોય છે?

(6) લાંબી ડોકવાળા પ્રાણીઓ જણાવો.

(7) દરવાસી પ્રાણીઓની શી વિશિષ્ટતા છે?

(8) પક્ષી માળો શા માટે બાંધે છે?

(9) ઉભયજીવી પ્રાણી કોને કહે છે?

(10) દૂધ આપતાં પ્રાણીઓ જણાવો.

**પ્રશ્ન 2: નીચેના પ્રાણીઓનું શાકાહારી અને માંસાહારી પ્રાણીઓમાં વર્ગીકરણ કરો:** **[03]**

→ હરણ, વાઘ, દેડકો, મગર, ઊંટ, સાપ, કાચિંડો, જિરાફ, સિંહ, ગાય, ભેંસ

**પ્રશ્ન 3: તફાવત આપો:** **[02]**

→ ભૂચર પ્રાણીઓ – ખેચર પ્રાણીઓ

**પ્રશ્ન 4: વૈજ્ઞાનિક કારણ આપી સમજાવો:** **[02]**

→ ચામાચિડિયું પક્ષીની જેમ ઊડી શકે છે છતાં તે સસ્તન વર્ગનું પ્રાણી ગણાય છે.

**પ્રશ્ન 5: નીચેના પ્રશ્નનો ટૂંકમાં ઉત્તર લખો:** **[03]**

→ આંચળવાળા પ્રાણીઓ બીજા કયા નામથી ઓળખાય છે? તેમના બે લક્ષણો અને બે ઉદાહરણ આપો.

ALMAY SHAH

# ટુણાદર પ્રાથમિક શાળા તા. માલપુર જિ. અરવલ્લી

| | | | |
|---|---|---|---|
| ધોરણ 6 | વિષય: વિજ્ઞાન અને ટેક્નોલોજી | કુલ ગુણ | 20 |
| સત્ર 2 | એકમ 1 પ્રાણી જગત | મેળવેલા ગુણ | |
| ટેસ્ટ: 2 | વિદ્યાર્થીનું નામ: | સમય | 30 મિનિટ |

**પ્રશ્ન 1: નીચેના પ્રશ્નોના એક બે વાક્યમાં જવાબ લખો:** **[10]**

(1) હાડકાં વગરનાં પ્રાણીઓના નામ આપો.

(2) બચ્ચાંને જન્મ આપતાં પ્રાણીઓના નામ આપો.

(3) મનુષ્ય કયા વર્ગનું પ્રાણી છે?

(4) વૃક્ષારોહી પ્રાણીઓના બે નામ આપો.

(5) કયું સસ્તન વર્ગનું પ્રાણી ઊડી શકે છે?

(6) માંસાહારી પ્રાણી કોને કહે છે?

(7) કયું પક્ષી તણખલાં ગોઠવીને સુંદર ગૂંથણીવાળો માળો બાંધે છે?

(8) નિશાચર પ્રાણી કોને કહે છે?

(9) કુદરતી સફાઇ કામદાર પ્રાણીઓ કયા છે?

(10) માછલી કયા અંગ દ્વારા પાણીમાં ઓગળેલો ઓક્સિજન મેળવે છે?

**પ્રશ્ન 2: નીચેના પ્રાણીઓનું હાડકાવાળા અને હાડકાં વગરના પ્રાણીઓમાં વર્ગીકરણ કરો:** **[03]**

→ કરોળીયો કીડી, મોર, અમીબા, ઉંદર, ગોકળગાય, વાંદરો, માછલી, કરચલો, અળસિયુ

**પ્રશ્ન 3: તફાવત આપો:** **[02]**

→ બચ્ચાને જન્મ આપતા પ્રાણીઓ – ઇંડા મૂકતા પ્રાણીઓ

**પ્રશ્ન 4: વૈજ્ઞાનિક કારણ આપી સમજાવો:** **[02]**

→ અળસિયા ખેડૂતના મિત્રો છે.

**પ્રશ્ન 5: નીચેના પ્રશ્નનો ટૂંકમાં ઉત્તર લખો:** **[03]**

→ પેટે સરકીને ચલતા પ્રાણીઓ બીજા કયા નામથી ઓળખાય છે? તેમના બે લક્ષણો અને બે ઉદાહરણ આપો.

ALMAY SHAH

# ટુણાદર પ્રાથમિક શાળા તા. માલપુર જિ. અરવલ્લી

| | | | |
|---|---|---|---|
| ધોરણ 6 | વિષય: વિજ્ઞાન અને ટેક્નોલોજી | કુલ ગુણ | 20 |
| સત્ર 2 | એકમ 1 પ્રાણી જગત | મેળવેલા ગુણ | |
| ટેસ્ટ: 3 | વિદ્યાર્થીનું નામ: | સમય | 30 મિનિટ |

**પ્રશ્ન 1: નીચેના પ્રશ્નોના એક બે વાક્યમાં જવાબ લખો:** **[10]**

(1) ઇંડા મૂકતાં પ્રાણીઓના નામ આપો.

(2) આંચળવાળા પ્રાણીઓના નામ આપો.

(3) કયું પક્ષી પાંદડા સીવીની માળો બનાવે છે?

(4) ખોરાકની દૃષ્ટિએ ખોરાકના કયા કયા પ્રકાર પાડવામાં આવ્યા છે?

(5) પેટે સરકીને ચલનારા પ્રાણીઓ જણાવો.

(6) પ્રાણીઓના કયા કયા લક્ષણોમાં વિવિધતા જોવા મળે છે?

(7) ભારવહનમાં ઉપયોગી હોય તેવા પ્રાણીઓના નામ જણાવો.

(8) વસવાટની દ્રષ્ટિએ પ્રાણીઓના મુખ્ય પ્રકાર કયા કયા છે?

(9) ભૂચર પ્રાણીઓની વસવાટની દૃષ્ટિએ કયા પેટા પ્રકાર પાડવામાં આવ્યા છે?

(10) ખેચર પ્રાણી કોને કહે છે?

**પ્રશ્ન 2: નીચેના પ્રાણીઓનું ચાર પગવાળા, છ પગવાળા અને આઠ પગવાળા પ્રાણીઓમાં વર્ગીકરણ કરો:** **[03]**

→ ગાય, માખી, ભેંસ, વીંછી, ઊંટ, કરોળિયો, હાથી, વંદો, વાઘ, મચ્છર, પતંગિયું, સિંહ

**પ્રશ્ન 3: તફાવત આપો:** **[02]**

→ હાડકાંવાળા પ્રાણીઓ – હાડકાં વગરનાં પ્રાણીઓ

**પ્રશ્ન 4: વૈજ્ઞાનિક કારણ આપી સમજાવો:** **[02]**

→ માછલીને પાણીની બહાર કાઢવામાં આવે તો તે જીવી શકે નહિ.

**પ્રશ્ન 5: નીચેના પ્રશ્નનો ટૂંકમાં ઉત્તર લખો:** **[03]**

→ માછલીને પાણીમાં રહેવા માટે કઇ વિશિષ્ટ રચના છે?

ALMAY SHAH